## બનાસકાંઠા જિલ્લામાં એપીએમસીમાં થયેલ ગેરરીતિની ફરિયાદો

* ૧૫/૪/૮૩૦ : શ્રી ગેનીબેન નગાજી ઠાકોર (વાવ) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૮/03/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૩૯ (અગ્રતા-૨૨)ના અનુસંધાને માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં એપીએમસીમાં થયેલ ગેરરીતિ અંગેની ૪ (ચાર) એપીએમસીની ૮ ફરિયાદ મળેલ તે ફરિયાદો અંગેની કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ૪ એપીએમસીની ૮ ફરિયાદ મળેલ હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૩ ફરિયાદ કાર્યવાહી હેઠળ છે અને અન્ય ૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે કયા જવાબદારો સામે શા પગલાં લીધા, અને | (૨) ૪ એપીએમસીની ૮ ફરિયાદો પૈકી એપીએમસી, લાખણીની ચાર ફરિયાદ અન્વયે એપીએમસી, લાખણીમાં વહીવટદાર મુકેલ છે. ૧ ફરિયાદ દફતરે કરેલ છે અને ત્રણ ફરિયાદમાં કાર્યવાહી ચાલુ છે. |
| (૩) ઉક્ત મળેલ ફરિયાદો અંગેની કાર્યવાહી પૂર્ણ કરી પગલાં લેવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરીને પગલાં લેવામાં આવશે? | (૩) મળેલ કુલ ૮ ફરિયાદ પૈકી ૫ ફરિયાદનો નિકાલ થયેલ છે. જ્યારે ૩ ફરિયાદ અરજી વહીવટી કારણોસર પડતર હોઈ, તેનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

---

ક્રમાંક:- વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર-૧/ગ,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા:

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના પત્ર અનુસંધાને વધારાની ત્રણ નકલ સહિત

(કે.વી.પટેલ)

નાયબ સચિવ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.રા.ક.મંત્રીશ્રી(સહકાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી,ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, મ-૨ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.